# કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી દ્વારા ગાજરઘાસ જાગૃતિ કાર્યક્રમ યોજાયો

કૃ.સં.કે, આકૃયુ, સણસોલી-નેનપુર, તા.૩૧/૦૮/૨૦૧૮

---

કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી દ્વારા તા.૩૧/૦૮/૨૦૧૮ ના રોજ ખેડા તાલુકાના સાંખેજ તથા વાસણા મારગિયા ગામે *"ગાજરઘાસ જાગૃતિ"* કાર્યક્રમ યોજાયો. સદર કાર્યક્રમમાં 33 ખેડૂતો હાજર રહ્યા હતા. કૃષિ સંશોધન કેન્દ્રના સહ સંશોધન વૈજ્ઞાનિક, ડૉ. જે. કે. પટેલ તથા મદદનીશ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રી, પ્રો. એસ. એ. સિપાઈ એ ગાજરઘાસ ના ફેલાવા, તેના દ્વારા માનવ સ્વાસ્થ્ય, પશુજગત અને કૃષિજગત પર થતી વિપરીત અસરો તથા તેના પાક અને બિનપાકમાં નિયંત્રણ અંગે ખેડૂતોને અવગત કર્યા હતા. તદઉપરાંત તેમણે ખતરનાક નીંદણ – ગાજરઘાસનું નિયંત્રણ વિષયક કૃષિ સાહિત્ય નું વિતરણ કર્યું હતું. તેઓશ્રીએ નીંદણોથી ખેતી પાકોમાં થતા નુકશાન તથા નિયંત્રણ પર વિસ્તૃત ચર્ચા કરેલ તથા વધુ સજાગતા માટે એગ્રોનોમી વિભાગ બી. એ. સી. એ., આ. કૃ. યુ., આણંદ ખાતે કાર્યરત નીંદણ નિયંત્રણ યોજના અંતર્ગત તાલીમ લેવા માટે  સૂચવેલ.





